# સચિન લૂંટના ગુનાનો વોન્ટેડ રીઢો ગુનેગાર આખરે ઝડપાયો

**ડિંડોલી**, સચિન અને પલસાણા પોલીસમાં હત્યા, હત્યાની કોશિશ, રાયોટીંગ અને આર્મ્સ એક્ટ હેઠળ આરોપી વિરુદ્ધ 7 ગુના

સુરત : સચિન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી લૂંટની ઘટનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી પોલીસને થાપ આપી નાસતા ફરતા રીઢા આરોપીને સુરત શહેર ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે મરોલી ચાર રસ્તા પરથી પકડી પાડ્યો છે. ઘટનાની વિગતો મુજબ, ગત તા. 29/01/2026ના રોજ ફરિયાદી ચુન્નુ બ્રહ્મા સીંગ જ્યારે મજૂરીકામ માટે જઈ રહ્યા હતા, ત્યારે સચિન હોજીવાલા રોડ નંબર-08 પાસે આરોપી રાજ અને તેના સાગરીત સુબોધ રામાણીએ તેમને રોકી, ચાકુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓએ ફરિયાદીના પેન્ટમાંથી રૂપિયા 8000ની મત્તા બળજબરીપૂર્વક લૂંટી લીધી હતી. આ મામલે સચિન પોલીસ મથકમાં ગુનો નોંધાયા બાદ આરોપી સતત નાસતો ફરતો હતો, જેના પગલે કોર્ટ દ્વારા તેની વિરુદ્ધ બી.એન.એસ.એસ. કલમ-72 મુજબ ધરપકડ વોરંટ પણ ઈશ્યૂ કરવામાં આવ્યું હતું. ક્રાઈમ બ્રાંચ પણ આ ગુનાની તપાસમાં જોડાઈ હતી ત્યારે બાતમી મળતા આરોપી રાજ ઉર્ફે આર.પી. સંજયભાઈ પાટીલ (ઉં.વ. 21, રહે., રાહી રેસીડન્સી, કારેલીગામ, ગંગાધરા, તા. પલસાણા, જિ. સુરત, મૂળ રહે. ગામ-ગંગાપુરી, તા. ધરણગાવ, જી. જલગાંવ, મહારાષ્ટ્ર)ને મરોલી ચાર રસ્તા પાસેથી પકડી પાડ્યો છે. ક્રાઈમ બ્રાંચની તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલો આરોપી બેકાર અને રીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ ડિંડોલી, સચિન અને પલસાણા પોલીસ મથકોમાં હત્યા, હત્યાની કોશિશ, રાયોટીંગ અને આર્મ્સ એક્ટ હેઠળ 7 જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. હાલ પોલીસે આ રીઢા ગુનેગારની અટકાયત કરી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અપહરણના ગુનામાં ૧૩ વર્ષથી ફરાર આરોપી બિહારથી ઝડપાયો

સુરતઃ એક કિશોરીના અપહરણના ગુનામાં સંડોવાયેલા અને ધરપકડથી બચવા માટે 13 વર્ષથી નાસતા-ફરતા આરોપીને પાંડેસરા પોલીસની ટીમે બિહારના ઔરંગાબાદ જિલ્લામાંથી દબોચી લીધો છે.

વર્ષ ૨૦૧૩માં પાંડેસરા વિસ્તારમાં રહેતા એક શખ્સની બહેનનું અપહરણ કરવામાં આવ્યું હતું. આ મામલે પાંડેસરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. જોકે, મુખ્ય આરોપી સાગર શંકર સાવ (ઉં.વ.૩૦, હાલ રહે., બરીયાવા, બિહાર) પોલીસને થાપ આપીને ફરાર થઈ ગયો હતો. કોર્ટે પણ આરોપી વિરુદ્ધ સી.આર.પી.સી. ૭૦ મુજબનું વોરંટ જારી કર્યું હતું. ૧૩ વર્ષથી વોન્ટેડ સાગર સાવ બિહારના ઔરંગાબાદના બરીયાવા ગામમાં છુપાયેલો હોવાની બાતમી મળતા પોલીસની એક ટીમ બિહાર રવાના થઈ હતી જ્યાં વેશપલટો કરીને પોલીસે સાગરને તેના ઘરેથી જ દબોચી લીધો હતો. પોલીસે આરોપીની અટકાયત કરી તેને સુરત લઈ આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાંડેસરામાં પારિવારિક ઝઘડામાં યુવાનનો આપઘાત

સુરતઃ પાંડેસરામાં પારિવારિક ઝઘડામાં યુવાને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ રાજસ્થાન પાલી જિલ્લાના વતની અને હાલ પાંડેસરા ગોવાલક રોડ પર આવેલા છત્રપતિ શિવાજી નગરમાં 25 વર્ષીય ભગવાન જગદીશ ભારતી રહેતો હતો અને જલેબીની લારી પર કામ કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. રવિવારે સવારે જ ભગવાન વતનથી સુરત આવ્યો હતો. બાદમાં સાંજે રૂમમાં પંખાના હુંક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ભગવાને પારિવારિક ઝઘડામાં આત્મહત્યા કરી હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.


## ઇન્ડેક્ષ-સી (ઇન્ડસ્ટ્રીયલ એક્ષટેન્શન કોટેજ) (ગુજરાત સરકારની સંસ્થા)

બ્લોક નં. ૭/૧, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ઓફિસ : ૦૭૯-૨૩૨૫૬૦૦૫
E-mail: exdire-indext-c@gujarat.gov.in

### ગુજરાત રાજયના હાથશાળ-હસ્તકલાના કારીગરોને રાજય પારિતોષિક તેમજ ઝોન વાઇઝ પારિતોષિક આપવા અરજીઓ મંગાવવા બાબત

ગુજરાત રાજયના હાથશાળ-હસ્તકલાના ભવ્ય અને ભાતીગળ વારસાને જીવંત રાખનાર કારીગરોને તેઓની ઉત્કૃષ્ઠ કલા કારીગરી માટે રાજય સ્તરે એવોર્ડ આપી સન્માનિત કરવા માટે ૨૦૨૫ ના વર્ષના એવોર્ડ માટેના નમૂનાઓ મેળવવા માટે નિયત અરજી ફોર્મમાં સંપૂર્ણ વિગતો સાથે તા.૦૨/૦૫/૨૦૨૬ સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે. ચાર સેક્ટર - ૧. ટેક્ષટાઈલ, ૨. ભરતકામ, ૩. મોતીકામ/ચર્મકામ/અર્થન/લાકડુ તથા વાંસકામ/મેટલ કાફ્ટ, ૪. અન્ય કાફ્ટ એ મુજબ સેક્ટરદીઠ પસંદગી પામેલ કૃતિઓમાંથી રાજયકક્ષાના પ્રથમ અને દ્વિતીય પારિતોષિક ઉપરાંત તમામ સેક્ટરમાં મળી એક મહિલા કારીગર પારિતોષિક, એક યુવા કારીગર પારિતોષિક અને લુપ્ત થતી કાફ્ટ માટે એક પારિતોષિક તથા રાજયના જિલ્લાઓના જુદા જુદા ચાર ઝોનમાં વર્ગીકૃત કરી ઝોન દીઠ ચાર સેક્ટરવાઈઝ કાફ્ટ માટે પ્રથમ વિજેતા પારિતોષિકને શાલ, સન્માનપત્ર અને રોકડ પૂરસ્કાર આપી સન્માનિત કરવામાં આવનાર છે.

નિયત અરજી ફોર્મ ઇન્ડેક્ષ-સીની કચેરીએથી કચેરી કામકાજના કલાકો દરમિયાન રૂબરૂમાં અથવા વેબસાઇટ www.craftofgujarat.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શક સૂચનાઓ કચેરીની વેબસાઇટ www.craftofgujarat.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. અધુરી વિગતોવાળુ અરજી ફોર્મ રદ બાતલ ગણવામાં આવશે.

કાર્યવાહક નિયામક
ઇન્ડેક્ષ-સી, ગાંધીનગર

માહિતી/૨૯૨૨/૨૦૨૫-૨૬

## પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન સરકારી ખર્ચે ફીટ કરી આપવાની ખેડુત લક્ષી યોજના.

પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં ખેત તલાવડી બનાવવામાં આવે અને તેમાં જીઓમેમ્બ્રેન ફીટ કરવામાં આવે તો ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો આ ખેતતલાવડીમાં સંગ્રહ કરીને ખરીફ પાક બચાવવામાં/ રવિ સિંચાઈમાં તેઓ ઉપયોગ કરી શકે છે. આમ, ખેતતલાવડીમાં સંગ્રહિત પાણી થકી ખેડુતો તેમના પાકને પૂરક સિંચાઇ કરી વધુ પાક ઉત્પાદન મેળવી શકશે તથા સાથોસાથ ભુગર્ભ જળમાં બચાવ પણ થશે.

આ માટે રાજ્યના પાણીની અછતવાળા જીલ્લાઓમાં ખેડુતોએ સ્વખર્ચે ખોદાણ કરી બનાવેલ ખેત તલાવડીઓમાં જીઓમેમ્બ્રેન સરકારી ખર્ચે ફીટ કરી લાભ આપવા માટે એક ખેડુતલક્ષી યોજના જાહેર કરવામાં આવેલ છે. આ યોજનામાં ગુજરાતના તમામ જીલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત સરકારના ખર્ચે ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન ફીટ કરાવવા માટેનો લાભ મેળવવા સારૂં ખેડુત ખાતેદાર દ્વારા ખેત તલાવડી સ્વખર્ચે બનાવવાની રહેશે. ચાલુ વર્ષે આ યોજનાનો લાભ લેવા માટે ખેડુત ખાતેદારોએ ઓનલાઈન સ્વરૂપે વેબસાઇટઃ g-talavadi.gujarat.gov.in ઉપર તા.૩૦/૦૩/૨૦૨૬ થી તા.૧૫/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અરજી કરવાની રહેશે. આ રીતે પ્રાપ્ત થયેલ અરજીઓની ચકાસણી કરી દરેક તાલુકા દીઠ નિયત થયેલ અરજીઓની સંખ્યાની મર્યાદામાં ઓનલાઇન ડ્રો કરવામાં આવશે અને ડ્રો દરમિયાન પસંદ થયેલ અરજીઓનું ફીલ્ડ વેરીફીકેશન કર્યા પછી યોગ્ય કિસ્સાઓ માટે લાભાર્થી તરીકેનું આખરીકરણ કરવામાં આવશે. લાભાર્થી તરીકે અરજી મેળવ્યાથી ડ્રો સુધીની તમામ પ્રક્રિયા માત્ર ઓનલાઇન સ્વરૂપે જ કરવામાં આવશે અને અરજકર્તા ખેડુતોને SMS થી ડ્રો અંગેની જાણ પણ કરવામાં આવશે અને વેબસાઇટ ઉપર પણ તેઓ આ અંગેની માહિતિ મેળવી શકશે. ચાલુ વર્ષે માટે આ યોજના માટે તા.૩૦/૦૩/૨૦૨૬ થી તા.૧૫/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ઓનલાઇન અરજીઓ સ્વીકારવામાં આવશે.

આ યોજના હેઠળ ખેતતલાવડીની ઉપરના ભાગે મહત્તમ સાઇઝ ૪૦ મીટર x ૪૦ મીટર અને મહત્તમ ૬ મીટર ઉંડાઇ (૧.૫:૧ નો ઢાળ) રહેશે અને તે મુજબ સરકારી ખર્ચે મહત્તમ ૨૪૬૦ ચો.મીટર જથ્થામાં જીઓમેમ્બ્રેન ફીટ કરી આપવામાં આવશે. પરંતુ, સંજોગોવશાત ખેડુતો દ્વારા વધારે ખોદાણ કરવામાં આવેલ હશે/ ખેતતલાવડીની સાઇઝ વધારે હશે તો નિયત મહત્તમ મર્યાદા કરતાં જેટલા જથ્થામાં જીઓમેમ્બ્રેન વધારે વપરાશે તેનો ખર્ચ જે તે ખેડુત ખાતેદારે ભોગવવાનો રહેશે.

સિંચાઇ વિભાગ દ્વારા જીઓમેમ્બ્રેન ફીટ કરવા માટે ઇજારદાર નક્કી કરવામાં આવશે અને આ ઇજારદાર દ્વારા જેમ જેમ લાભાર્થીઓનું આખરીકરણ થશે તેમ તૈયાર થયેલ ખેતતલાવડીમાં જીઓમેમ્બ્રેન ફીટ કરી આપવામાં આવશે. આવી તૈયાર થયેલ ખેતતલાવડીઓમાં ચોમાસામાં મહત્તમ પાણીનો સંગ્રહ થાય તથા જીઓમેમ્બ્રેનને નુકશાની ન થાય તે પ્રકારે કાળજીપુર્વકની જરુરી સારસંભાળ રાખવાની જવાબદારી જે-તે લાભાર્થી ખેડુત ખાતેદારની રહેશે.

» ઓનલાઈન અરજીમાં ખેડુત ખાતેદાર દ્વારા પૂરી પાડવાની થતી વિગતો :

a) ખેડુતનું નામ, પૂરું સરનામું તથા મોબાઈલ નંબર, ખેડુતના આધાર કાર્ડની નકલ
b) ખેત તલાવડી બનાવવા માંગતા હોય તે ખેતરનો સર્વે નંબર /બ્લોક નંબર તથા વિસ્તાર, ખેતરનાં ૭/૧૨ તથા ૮-અ ના ઉતારાની નકલ,
c) જીઓમેમ્બ્રેન નાખવાની જરૂરિયાત ચોરસમીટરમાં (અરજદારે ખેત તલાવડીની સાઇને ધ્યાને લઇને તેમજ ખેત તલાવડીના મથાળે મહત્તમ 3 મીટર પટ્ટામાં એન્કરીંગ ગણી શકશે.)
d) બાંહેધરી પત્રક : સ્વખર્ચે ખેત તલાવડીનું ખોદાણકામ કરવા અંગે તેમજ તેની મરામત, સાફસફાઈ અને જાળવણી સ્વખર્ચે કરવા અંગેની બાંહેધરી/સ્વખર્ચે ખેત તલાવડી ખોદાણ કર્યા હોવા અંગેની તેમજ તેની મરામત, સાફસફાઈ અને જાળવણી સ્વખર્ચે કરવા અંગેની બાંહેધરી તેમજ અન્ય વિગતો

આ કામગીરીને લગત વધુ માહિતી નીચે મુજબની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.
g-talavadi.gujarat.gov.in

માહિતી/નવસારી/૭૯૪/૨૦૨૬

## પશ્ચિમ રેલવે વડોદરા મંડળ

**સમારકામ કાર્ય**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે, ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ અને વેગન રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, પ્રતાપ નગર, નીચે આપેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે: **1. ઈ-ટેન્ડર સૂચના:** M137_MECH_PRTN_TEND_26_06 **2. કાર્યનું નામ:** કેરેજ અને વેગન રિપેર વર્કશોપ, પ્રતાપ નગર ખાતે સ્ટેનલેસ સ્ટીલ વેગનનું બોડી અને રિપેર કાર્ય. **3. કામનો અંદાજિત ખર્ચ:** ₹ ૩,૭૦,૫૯,૩૩૪/- (રૂપિયા ત્રણ કરોડ સિત્તેર લાખ ઓગણસાંઠ ત્રણસો ચોત્રીસ માત્ર) **4 . અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ ૭,૪૧,૨૦૦/- (રૂપિયા સાત લાખ એકતાલીસ હજાર બસો માત્ર) **5. ટેન્ડર દસ્તાવેજ ફી:** શૂન્ય **6. પૂર્ણતા સમયગાળો:** ૨૪ મહિના **7 . ઓફરની માન્યતા:** ૯૦ દિવસ **8. ટેન્ડર જમા કરવાની અને ખોલવાની તારીખ અને સમય:** બિડિંગ ૨૪-૦૪-૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ વાગ્યે બંધ થશે અને તે જ દિવસે ૧૫:૩૦ વાગ્યે ખુલશે.

BRC 410

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે ઉધના-સુબેદારગંજ/આગ્રા કેન્ટના પ્રવાસોને ખાસ ટ્રેનો લેબાવશે

| ટ્રેન નં. | ક્યાથી | ક્યાથી સુધી | દોડવાનો દિવસ | સુધી વિસ્તૃત |
|---|---|---|---|---|
| 04156 | ઉધના | સુબેદારગંજ | મંગળવાર અને શુક્રવાર | 14.07.2026 |
| 04155 | સુબેદારગંજ | ઉધના | સોમવાર અને મંગળવાર | 13.07.2026 |
| 01908 | ઉધના | આગ્રા કેન્ટ | બુધવાર | 15.07.2026 |
| 01907 | આગ્રા કેન્ટ | ઉધના | મંગળવાર | 14.07.2026 |

સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indiarail.gov.inની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નં. 04156ની વિસ્તૃત ટ્રિપ્સનું બુકિંગ 31-03-2026ના રોજ ખુલશે જ્યારે ટ્રેન નં. 01908નું બુકીંગ 01-04-2026થી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો

## જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈજારદારો/ઈસમોને જણાવવાનું કે અત્રેના સામાજીક વનીકરણ વિભાગ સુરત હસ્તકની સુરત/ તાપી જિલ્લામાં આવેલ રેંજોમાં માટી-ખાતર ખરીદીની કામગીરી કરવા માટેના ભાવો ઈ-ટેન્ડરથી મંગાવવામાં આવે છે. આ અંગેની વિગતવાર માહિતિ n-Procure (www.nprocure.com) સાઇટ પર ઉપલબ્ધ છે. આથી રસ ધરાવતી સંસ્થા/વ્યક્તિ n-Procure (www.nprocure.com) સાઈટ પર તા.૩૦/૦૩/૨૦૨૬ થી તા.૨૧/૦૪/૨૦૨૬ના રોજ બપોરના ૧૪.૧૦ કલાક સુધીમાં ભાવો ઓનલાઈન આપવા વિનંતી છે. જે ભરેલ ઈ-ટેન્ડર દસ્તાવેજો તથા ડી.ડી. સીલબંધ કવરમાં તા.૨૨/૦૪/૨૦૨૬ ના રોજ બપોરના ૧૪.૩૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ મળી રહે તે રીતે રૂબરૂ/પોસ્ટ/ રજીસ્ટર એડીથી મોકલવાના રહેશે. ત્યાર બાદ મળેલ ટેન્ડરો ધ્યાને લેવામાં આવશે નહી. કવર ઉપર ટેન્ડરની સંપુર્ણ વિગત, મોકલનારનું નામ, સરનામું, ખાસ લખવાનું રહેશે. અધુરી કવરનોટ વાળા બીડરના કવરને ગ્રાહય રાખવામાં આવશે નહી.

કચેરીનું સરનામું
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
સામાજીક વનીકરણ વિભાગ,
વન ભવન ગંગેશ્વર મહાદેવ રોડ,
ડી-માર્ટની સામે અડાજણ,સુરત.
ફોન નંબર- ૦૨૬૧-૨૭૩૩૮૩૧

નાયબ વન સંરક્ષક
સામાજીક વનીકરણ વિભાગ
સુરત

કમાંક માહિતી-સૂરત/૧૭૧૦/૨૦૨૬

## નિવિદા ન.૩૫ સને ૨૦૨૫-૨૬ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય.

કાર્યપાલક ઈજનેરશ્રી, સુરત (મા. અને મ.) વિભાગ નં.-૧, દયાળજીબાગની સામે, નાનપુરા, સુરત ફોન નં. ૨૪૬૪૧૬૨ દ્વારા અત્રેની કચેરી નીચે મુજબના કામો માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજી રકમ રૂ.(લાખમાં) |
|---|---|---|
| ૧ | રીનોવેશન વર્ક ઈન વેરીયસ ડીપાર્ટમેન્ટ ડો. એસ. એન્ડ એસ.એસ. ગાંધી ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ, સુરત (એક્ષટેન્શન ઓફ કોન્કીટ લેબ, ઈન સીવીલ ડીપાર્ટમેન્ટ પાર્કીંગ શેડ એન્ડ બ્લોક એન્ડ ક્યોરીંગ ટેન્ક) | ૭૪,૭૭,૬૨૭.૭૨ |
| ૨ | પ્રોવાઇડિંગ એન્ડ ફિક્સિંગ બાર્બેડ વાયર ફેન્સીંગ ફોર ઓપન ગવર્મેન્ટ લેન્ડ ઓફ મામલતદાર કતારગામ, સુરત | ૭,૨૭,૦૦૭.૦૦ |
| ૩ | કન્સલ્ટન્સી સર્વિસ ફોર ક્વોલિટી એસોયરન્સ ઓફ કન્સ્ટ્રકશન ઓફ ડી ટાઈપ (૧૨ યુનિટ) એન્ડ ટાઈપ (૬ યુનિટ) રેવન્યુ સ્ટાફ ક્વોટર્સ બિલ્ડીંગ એટ પાલ, સુરત. | ૮,૪૬,૦૦૦.૦૦ |

ટેન્ડરનાં દસ્તાવેજો તા.૦૮/૦૪/૨૦૨૬, ના રોજ ૧૮.૦૦ કલાક સુધી વેબસાઈટ https://tender.nprocure.com ઉપર જોવા મળી શકશે.

નિવિદા ફક્ત રાજ્ય સરકારની વેબસાઇટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળી શકશે. વધારાની વિગતો માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે. અથવા ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતાં ઇજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

કમાંકઃ માહિતી-સૂરત/૧૭૨૪/૨૦૨૬

## રાજપીપલા નગરપાલિકા
### -: જાહેર નિવિદા :-

આ જાહેર નિવિદા રાજપીપલા નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલ્કતોની ક્ષેત્રફળ આધારીત આકારણીનો અમલ ચાલુમાં છે. હાલમાં જે મિલ્કતોના બાંધકામમાં ફેરફાર થયેલ હોય નવેસર બાંધકામ થયેલ હોય ભોગવટામાં ફેરફાર થયેલ હોય તેવી તમામ મિલ્કતોની સ્થળ ચકાસણી કરી નવેસરથી માપો લઈ હાલમાં ઈન્સ્ટોલ કરેલ ફોર્મમાં સુધારા વધારો કરી અદ્યતન આકારણી પત્રકો તૈયાર કરાવવાની જરૂરીયાત છે. તો આ પ્રકારની કામગીરી કરતા ઈસમો/એજન્સીઓએ મિલ્કતના નંબર દીઠના ભાવો આ નિવિદા પ્રસિધ્ધ થયેથી દીન-૩ માં અત્રે મોકલી આપવાના રહેશે. આ કામે બાનાની રકમ રૂા.૨૫૦૦૦/- પુરા રોકડા/ડીમાન્ડ ડ્રાફ્ટ ચીફ ઓફીસર રાજપીપલા નગરપાલિકાના નામનો રજુ કરવાનો રહેશે. ભાવ પત્રક ઉપર ક્ષેત્રફળ આધારીત આકારણીના ભાવો લખવાનું રહેશે. ભાવો મંજુર/નામંજુર કરવાની સત્તા રાજપીપલા નગરપાલિકાની અબાધિત રહેશે.

ચીફ ઓફિસર રાજપીપલા નગરપાલિકા — માહિતી/નર્મદા/૫૫૮/૨૦૨૫-૨૬

## કડોદરા નગરપાલિકા - કડોદરા જી. સુરત ઓનલાઇન જાહેર નિવિદા

આથી કડોદરા નગરપાલિકા, કડોદરા, જિ. સુરતને ૧૫% વિવેકાધીન ગ્રાંટ વર્ષ ૨૦૨૬-૨૭ હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ : કદોદરા નગરપાલિકાના જુદા જુદા વિસ્તારમાં ગટર લાઈન, પેવર બ્લોક અને સ્ટ્રીટ લાઇટની કામગીરી.

| | |
|---|---|
| અંદાજીત રકમ રૂા. ૫૨,૭૨ લાખ | કામની સમય મર્યાદા : ૬ માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૫૨,૭૨૦/- | ટેન્ડર ફીઃ રૂા. ૨,૪૦૦/- |
| વેબસાઇટનું નામ | https://tender.nprocure.com |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | ૧૬/૦૪/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું | ૨૩/૦૪/૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, કડોદરા નગરપાલિકા, મુ.કડોદરા, જિ.સુરત |
| ટેકનીકલ બિડખોલવાની તારીખઃ | ૨૪/૦૪/૨૦૨૬, ૧૨.૦૦ કલાકે |
| પ્રાઇસ બિડ ખોલવાની તારીખઃ | ૨૪/૦૪/૨૦૨૬, ૧૨.૩૦ કલાકે |

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોક્ત જણાવેલ વેબસાઇટ ઉપર તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ થી જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર કડોદરા નગરપાલિકા — વહીવટદાર કડોદરા નગરપાલિકા

કમાંક : માહિતી-સૂરત/૧૭૨૧/૨૦૨૬

## Muthoot Homefin (India) Ltd.

CIN- U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિ. 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા કચેરીઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિ., 503, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત-395009.

### પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]
### હરાજી સહ વેચાણ માટેની જાહેર નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિ.ના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ સુરક્ષિત અસ્ક્યામતોનો કબજો લીધા બાદ દેવાદાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત માટે નીચે સહી કરનાર દ્વારા નીચે વર્ણવેલ સ્થાવર મિલકતની ખરીદી માટે સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે મિલકત 'જ્યાં છે ત્યાં', 'જે છે તે' અને 'જે કંઈ પણ છે' તે ધોરણે કબજામાં છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

| અ. નં. | દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)/ જામીનદાર(ઓ)/ લોન એકાઉન્ટ નં./ શાખા | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઈસ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | બ્રિજેન્દ્રમણિ જી મિશ્રા/ સુષ્મા બ્રિજેન્દ્રમણિ મિશ્રા/ 004-00000094/ સુરત | 20-જાન્યુ-25 / રૂ. 10,51,541/- (અંકે રૂપિયા દસ લાખ એકાવન હજાર પાંચસો એકતાલીસ પૂરા) | ફ્લેટ નં. 618, બિલ્ડિંગનું નામઃ સાઈદીપ રેસીડેન્સી, સર્વે નં. 88/B, બારડોલી રોડ, જોલવા, લેન્ડમાર્કઃ સાઈ આંગણ પંચાયત ઓફિસ, પલસાણા, પિન કોડ 394305. ઉત્તરઃ યુનિટ 617, દક્ષિણઃ યુનિટ 619, પૂર્વઃ ઇન્ટરનલ સોસાયટી રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. 623 | રૂ. 8,17,560/- (અંકે રૂપિયા આઠ લાખ સત્તર હજાર પાંચસો સાઠ પૂરા) | રૂ. 81,756/- (અંકે રૂપિયા એકયાસી હજાર સાતસો છપ્પન પૂરા) |
| 2. | ધીરેન્દ્ર રાજદ્યારી સિંહ/ નિશાબેન ધીરેન્દ્ર સિંહ/ 004-00000538/ સુરત | 14-એપ્રિલ-25 / રૂ. 4,24,516/- (અંકે રૂપિયા ચાર લાખ ચોવીસ હજાર પાંચસો સોળ પૂરા) | ફ્લેટ નં. 305, ત્રીજો માળ, બિલ્ડિંગનું નામ અને નં. ચુકુન રેસીડેન્સી-1, સર્વે નં. પ્લોટ નં. 208, 209 અને 210; બ્લોક નં. 2, તાતી થૈયા, પલસાણા, લેન્ડમાર્કઃ સોની પાર્ક 2, ગામઃ તાતીથૈયા, તાલુકોઃ પલસાણા, જિલ્લોઃ સુરત, ગુજરાત, પિન કોડ-394305. ઉત્તર- ખુલ્લો પ્લોટ, દક્ષિણ- દેવ કોમ્પ્લેક્સ, પૂર્વ- ઇન્ટરનલ રોડ, પશ્ચિમ- હયાત બિલ્ડિંગ | રૂ. 3,10,406.5/- (અંકે રૂપિયા ત્રણ લાખ દસ હજાર ચારસો છ અને પચાસ પૈસા પૂરા) | રૂ. 31,041/- (અંકે રૂપિયા એકત્રીસ હજાર એકતાલીસ પૂરા) |
| 3. | સુરેશ મોતીરામ ગોરા/ સીતાજાત સુરેશ ગોરા/ 004-00403864/ સુરત | 14-એપ્રિલ-25 / રૂ. 5,81,710/- (અંકે રૂપિયા પાંચ લાખ એકયાશી હજાર સાતસો દસ પૂરા) | ફ્લેટ નં. 207, બીજો માળ, રીયલ સ્કવેર ઇન શિવમ રેસીડેન્સી, સેજલ હોસ્પિટલ પાસે, સુરત બારડોલી રોડ, કડોદરા પલસાણા, સુરત, સર્વે નં. R.S. નં. 102/1, 102/2, લેન્ડમાર્કઃ સેજલ હોસ્પિટલ, જિલ્લોઃ સુરત, ગુજરાત, પિન કોડ-394327. ઉત્તર- પ્લોટ નં. 158, દક્ષિણ- C.O.P, પૂર્વ- પ્લોટ નં. 103, પશ્ચિમ- રોડ | રૂ. 5,78,906.5/- (અંકે રૂપિયા પાંચ લાખ ઇઠ્યોતેર હજાર નવસો છ અને પચાસ પૈસા પૂરા) | રૂ. 57,891/- (અંકે રૂપિયા સત્તાવન હજાર આઠસો એકાણું પૂરા) |
| 4. | ઓમકાર કલ્પનાથ સાહની/ કિરણ ઓમકાર સાહની/ 004-00402119/ સુરત | 23-સપ્ટે-25 / રૂ. 5,01,152/- (અંકે રૂપિયા પાંચ લાખ એક હજાર એકસો બાવન પૂરા) | ફ્લેટ નં. 306, સિદ્ધિ વિનાયક રેસીડેન્સી- B, નીલમ નગર ટેનામેન્ટમાં, સાયણ, ઓલપાડ, સુરત, ગુજરાત- 394327 | રૂ. 5,58,720/- (અંકે રૂપિયા પાંચ લાખ અઠ્ઠાવન હજાર સાતસો વીસ પૂરા) | રૂ. 55,872/- (અંકે રૂપિયા પંચાવન હજાર આઠસો બોતેર પૂરા) |
| 5. | અશ્વિની વેદાંતી મિશ્રા/ મમતા જયનાથ મિશ્રા/ 004-00405461/ સુરત | 23-સપ્ટે-25 / રૂ. 4,15,769/- (અંકે રૂપિયા ચાર લાખ પંદર હજાર સાતસો ઓગણસિત્તેર પૂરા) | "માધવ કોમ્પ્લેક્સ ઓફ સાઈબાબા નગર" ની જમીનમાં, બ્લોક નં. ૧૨૩, ગુંઠા ૨-૨૯ અકાર ખાતે આવેલ, ચોથા માળે ફ્લેટ નં. ૪૧૫, ૨૭૬ ચોરસ ફૂટ એટલે કે ૨૫.૬૬ ચોરસ મીટર કાર્પેટ એરિયાઅને ૩૦૬ ચોરસ ફૂટ એટલે કે ૨૮.૪૪ ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા અને ૪૬૦ ચોરસ ફૂટ એટલે કે ૪૨.૭૬ ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા, ૪.૭૨ ચોરસ મીટર અવિભાજિત શેર સાથે. ૧૭